# ટ્રેક નં. ૫૨ : ભક્તિ તથા ભક્તિ માર્ગ વિષે

✻ શું ભક્તિથી મોક્ષ થાય? તે સમજીએ પૂ. બહેનશ્રીની તત્વચર્ચામાંથી

✻ માંગલિક :

✻ ભક્તિ : જ્ઞાન ભક્તિના સુંદર મિલને ચરણ શરણ અબ આયો.

✻ **પ્રશ્ન : શ્રીમદ્‌ની અંદર ભક્તિની બહુ જ મહત્તા ગાય છે. ભક્તિ, સત્સંગ એ બધું ભક્તિનો અર્થ તો મોટપ લેવી કે ભક્તિ એટલે સામાન્ય ભક્તિ ?**

● ઉત્તર : ભક્તિ એટલે મહિમા. એની ગુણ તરફની મહિમા. જે મુક્તિ તરફ વળ્યા છે. જે શ્રીમદ્‌જી અથવા જે જે જીવો મુક્તિ તરફ જેમને પ્રયાણ અંદર પરિણતિનું થઈ ગયું, જે અનાદિનું નથી, જે મુક્તિ તરફનો જે અંશ પ્રગટ થયો, એની મહિમા એ ભક્તિ છે. અંતરમાં એની મહિમા આવે, તો જેને મુક્તિ તરફ જઈને પરિણતિ પ્રગટ થઈ, સ્વાનુભૂતિ જેને પ્રગટ થઈ એ મહિમા એને મહિમા આવે. આ વિભાવ–તે મહિમારૂપ નથી. એ આ સંસાર મહિમારૂપ નથી. આ જે ક્ષણિક પર્યાયો જે બધી પલટાયા કરે, વિભાવની મહિમારૂપ નથી પણ આત્મામાંથી જે સહજ સ્વભાવમાંથી જેને સહજ દશા પ્રગટ થઈ છે, સ્વાનુભૂતિ પ્રગટ થઈ, તે એ મહિમારૂપ છે. અને જેને એની દશાની મહિમા આવે એટલે એને પછી બધા એના કાર્યમાં મહિમા જ આવે છે. એ મહિમા જ્ઞાનપૂર્વકની મહિમા આવે છે. સમજણપૂર્વકની પરીક્ષા કરીને મહિમા આવે છે. ૧.

✻ **પ્રશ્ન : અંધશ્રદ્ધાપૂર્વક મહિમા નથી ?**

● ઉત્તર : સમજણપૂર્વક મહિમા આવે છે. અંધશ્રદ્ધા નહિ. જ્ઞાનીને તું ઓળખ એમ. ઓળખીને એની મહિમા કર. એમ આવે છે. પરીક્ષા કરીને મહિમા કર. અને મુક્તિ તરફ વળ્યા છે, એ બધુંય એને નક્કી થઈ જાય પછી એની મહિમા કર. પણ તારી પરીક્ષા એવી

મૂળ પ્રયોજનભૂત વસ્તુની તું પરીક્ષા કરી લે. એનું અંતર જોઈ લે. એની બાહ્ય ક્રિયા જોવા કરતાં એની અંતરની પરિણતિ જોઈ લે. ગુરુદેવ કહેતા હતા કે એક તારી વસ્તુ કાંઈ ક્યાંક મૂકવી હોય તો એની દુકાને એનું પ્રયોજનભૂત એનું શું છે? કેમ ચાલે છે? એ બધું જોઈ લે. પછી એનું બધું ઝીણું ઝીણું પૂછવા જાય, તો એ તને કાંઈ જવાબ નહિ આપે, પણ પ્રયોજનભૂત જાણી લે. એમ જ્ઞાની પ્રયોજનભૂત એની દશા શું છે? એટલું જાણી લે, પછી એની અર્પણતા કરી લે. મહિમા કર. જ્ઞાનથી મહિમા કરવો એની મહિમા આવે ક્યારે? કે અંદરમાં એને એ જાતની સંસાર તરફથી રુચિ ઊઠી જાય, આત્માની તરફ વળે, સંસાર તરફથી એને વૈરાગ્ય આવી જાય, આત્મા તરફ મહિમા આવી જાય, તો એને એવી રીતે જ્ઞાનપૂર્વક, વૈરાગ્યપૂર્વક અને મહિમાપૂર્વક એવી રીતે જો પોતા તરફ વળે તો ઈ સાચી રીતે એની સ્વરૂપસન્મુખ પરિણતિ જાય છે. એકલું જ્ઞાન હોય તો એને સુકું થઈ જાય. સમજ્યા વગરની ભક્તિ કરે તો એને કાંઈ માર્ગ જડતો નથી. સમજ્યા વગરનો વૈરાગ્ય કરે તો એને કાંઈ સમજાતું નથી. માટે સમજણપૂર્વક વૈરાગ્ય, મહિમા બધું સમજણપૂર્વક હોય છે. જ્ઞાન હોય તો ઈ કોઈ આગળ નથી જઈ શકતો. અંદર તત્વ તરફની રુચિ, મહિમા બધું આવવું જોઈએ. ૨.

**✻ પ્રશ્ન : વિચાર કરતાં અંદરમાં આપે જે કહો છે એ બધી વાત બરોબર સત્ય જ છે. ત્યારે ઈ અંદર જતાં ગુરુદેવ પ્રત્યે અને આપના પ્રત્યે ભક્તિ ઉછળી જાય છે, એનું શું કારણ? અંદર જઈ શકાતું નથી. ઈ જ ભક્તિ આવી જાય છે કે આહા! આ વસ્તુ, આ મહિમા આપે બતાવ્યો કાંઈ.**

● ઉત્તર : જ્યાં સુધી અંદરમાં ન જવાય ત્યાં સુધી ભાવના આવે. શુભ ભાવના તો આવે છે અંતરમાં, પણ અંતરમાં આત્માને ઓળખવાનું ધ્યેય રાખવું. આત્મા કેમ ઓળખાય? આત્માની રુચિ કેમ પ્રગટ થાય? એ કરવા જેવું છે. આ શાસ્ત્રમાં આવે છે. 'તત્ પ્રતિ

પ્રીતિ ચિતેન યેન વાર્તાઽપિ હી શ્રુતા'—ઈ વાર્તા પણ અપૂર્વ ચિત્તથી સાંભળે છે, તો ભાવિ નિર્વાણ ભાજનમ્. તો ભવિષ્યના નિર્વાણનું ભાજન થાય, પણ અપૂર્વ રીતે એ સાંભળે છે તો પણ અપૂર્વતા અંતરમાંથી આવવી જોઈએ. આત્મા અપૂર્વ છે એની રુચિ જાગવી જોઈએ. એ ન થાય ત્યાં સુધી દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા અંતરમાં આવ્યા વગર રહેતી નથી. પણ અંતર આત્માને ઓળખવાનો પ્રયત્ન ને ધ્યેય રાખવું જોઈએ અંતરમાં. ૩.

* પ્રશ્ન : શ્રીમદ્‌ના એક પત્રમાં આવ્યું છે જ્ઞાનમાર્ગ દુરારાધ્ય છે અને ભક્તિ માર્ગ એ સામાન્ય છે. એમાં એમનો કહેવાનો આશય શું છે? જ્ઞાનમાર્ગ એટલે જે અભ્યાસ અગત્યની વસ્તુ નથી, પણ ભક્તિ કરવી એટલે એ અગત્યની વસ્તુ એમ કહેવા માટે છે?

● ઉત્તર : જ્ઞાન માટે દરેક માણસો એવા ઊંડા વિચારો ન કરી શકે, એટલે ભક્તિ માર્ગ, એટલે એ ભક્તિ એવી નથી કે ભક્તિ કોઈ કરી દે છે. મહિમા લાવ તું એમ. સત્ પુરુષની મહિમા લાવજે. સત્ પુરુષોએ જે પ્રગટ કર્યું છે એવો આત્મા આરાધવા યોગ્ય છે. ભક્તિ એટલે મહિમા કરવા યોગ્ય છે. સત્ પુરુષની મહિમા એટલે કે આત્માની મહિમા એવો સંબંધ છે. તું ભગવાનને ઓળખ એટલે કે આત્માને ઓળખ એમ કહે છે. જેણે ભગવાનને નથી ઓળખ્યા એણે એના આત્માને નથી ઓળખ્યો. તો આત્માને ઓળખ તો ભગવાન ઓળખાશે ને ભગવાન ઓળખ તો આત્મા ઓળખાશે ને ભગવાનની મહિમા લાવ. ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાય કેવા છે? એમ મહિમા આવતા એ વિચાર આવશે. કે ભગવાન કેવા છે એમ સત્ પુરુષ કેવા છે, કેવા છે? એમ એના વિચારો કરતાં કરતાં એનો આત્મા શું કામ કરે છે? એમ વિચારો કરતાં કરતાં તને આત્મા તરફ લક્ષ જવાનું કારણ થાશે. જ્ઞાનમાર્ગ એ લુખ્ખું લુખ્ખું જ્ઞાન નહિ એમ જ્ઞાનમાર્ગ દુરારાધ્ય છે એટલે બહુ જેને બહુ ઉઘાડ ન હોય, ઝાઝી વાત જાણી

ન શકે, પણ મૂળ પ્રયોજનભૂત જ્ઞાન તો હોવું જોઈએ. પ્રયોજનભૂત ન જાણે તો તો આગળ જ ન જવાય. ૪.

**✻ પ્રશ્ન : ભક્તિમાર્ગમાં પણ પ્રયોજનભૂત જ્ઞાન તો હોવું જોઈએ ?**

● ઉત્તર : પ્રયોજનભૂત જ્ઞાન તો ભક્તિમાં સમાયેલું છે. એકલી ભક્તિ, સમજ્યા વગરની ભક્તિ એવો અર્થ નથી. પ્રયોજનભૂત જ્ઞાનને લક્ષમાં લે. 'હું ચૈતન્ય છું', આ બધું જુદું છે. એ બધું પ્રયોજનભૂત તો જ્ઞાન હોવું જોઈએ. પણ ઝાઝું ન જાણે. ૫.

**✻ પ્રશ્ન : સામાન્ય હિંદુ શાસ્ત્રમાં પણ ભક્તિ એટલી બધી મહત્વની છે કે ન પૂછો વાત. શ્રીમદ્‌માં પણ ભક્તિની અગત્યતા બહુ જ કરી છે. ભક્તિનો આ જ અર્થ લેવો જોઈએ ? સામાન્ય પગ પકડવાની વાત નથી કરી.**

● ઉત્તર : એકલી સમજ્યા વગરની ભક્તિ એવો અર્થ નથી. સમજણપૂર્વકની ભક્તિ, જ્ઞાનીને ઓળખીને ભક્તિ, તેની મહિમા અને વસ્તુસ્વરૂપ શું છે એનું મૂળ પ્રયોજનભૂત જ્ઞાન તો હોવું જ જોઈએ. જ્ઞાન તો હોવું જ જોઈએ. સમજણપૂર્વક જ્ઞાનપૂર્વકની ભક્તિ એ ભક્તિ યથાર્થ છે. સમજણ વગરની ભક્તિ એવી ભક્તિ તો અનંતકાળમાં ઘણીવાર કરી. સમજણપૂર્વકની ભક્તિ હોવી જોઈએ. અને જ્ઞાન એટલે એકલું લુખ્ખું જ્ઞાન, વાતો કર્યા કરે ને અંતરમાં કાંઈ એના હૃદયમાં અંદર ઊંડું કાંઈ 'આ બધું જુદું, હું જુદો' એ અંતરમાંથી એને વિરક્તિ ન આવે ને એવી વાતો કરે તો એના કરતાં પ્રયોજનપૂર્વક જ્ઞાનપૂર્વકની ભક્તિ એમ.

દરેક માણસો ઝાઝું જાણી ન શકે એટલે જ્ઞાનમાર્ગ દુરારાધ્ય એટલે ઝાઝું ન જાણી શકે, પણ મૂળ પ્રયોજનભૂત જ્ઞાન તો હોવું જોઈએ. પછી જ્ઞાનીની મહિમા કરે એટલે એમાં તારા આત્માની મહિમા સમાયેલી છે. તારા આત્મા તરફ વળવાનું કારણ થશે. ૬.

✻ પ્રશ્ન : એકલી ભક્તિથી મુક્તિ નહીં થઈ જાય?

● ઉત્તર : એકલી ભક્તિથી મુક્તિ ન થાય. માત્ર એકલી સમજ્યા વગરની ભક્તિથી મુક્તિ ન થાય. એનું જ્ઞાન હોવું જોઈએ. પુરુષાર્થ પોતાને કરવાનો રહે છે અને ભક્તિ વચમાં આવે છે એમ. એમ બેનો મેળ કરવો જોઈએ. ઉપાદાન અને નિમિત્તનો મેળ હોવો જોઈએ. તો એ મુક્તિ થાય. એકલી સમજ્યા વગરની ભક્તિ કે પોતે કાંઈસમજે નહિ કે 'હું જાણનારો જ્ઞાયક, પુરુષાર્થ મારે કરવાનો છે'. કોઈ કરી દેશે કે, ગુરુ મને તારી દેશે કે દેવ મને તારી દેશે કે મને પરાણે, પરાણે નહીં, મને પુરુષાર્થ કરી દેશે—એમ કોઈ કરી દેતું નથી. કરવાનું પોતાને રહે છે. પણ એને અંતરમાંથી એમ કે મને ગુરુ મળ્યા કે દેવ મળ્યા કે હવે મારી મુક્તિ છે—એમ પોતે અંદર સમજીને કહેતો હોય, પુરુષાર્થ—પુરુષાર્થનું ધ્યાન રાખીને કહેતો હોય, એમ ભક્તિમાંથી કહેતો હોય તો એ જુદી વાત છે. બાકી એકલી ભક્તિથી ભક્તિ નથી. એમ ન થાય. એકલા શુભ ભાવથી, એમ મુક્તિ ન થાય. ભક્તિ હોય પણ એ બધો શુભ ભાવ ઈ અંતરમાંથી હોવો જોઈએ. એ ભક્તિમાં જ્ઞાયકની ભક્તિ ભેગી આવી જાય. જ્ઞાયકનું જ્ઞાન, જ્ઞાયકની ભક્તિ, જ્ઞાયક તરફનો વૈરાગ—એ બે શુભ ભાવનાની સાથે અંતરનું જ્ઞાયકનું ભેગું આવવું જોઈએ તો થાય. ૭.

✻ પ્રશ્ન : એમાં ભક્તિ માર્ગથી કાંઈ ફરક પડે?

● ઉત્તર : એમાં ભક્તિ ભેગી આવી જાય છે. જ્ઞાયકની મહિમા, જ્ઞાયકની ભક્તિ એને હોવી જોઈએ. એ આગળ આવ્યા વગર રહે નહિ. જ્ઞાયક—જ્ઞાયક મારે જ્ઞાયક સિવાય કાંઈ જોઈતું નથી. એવી જ્ઞાયકની ભક્તિ અંદર આવવી જોઈએ કે મને જ્ઞાયક, હું જોઉં તો જ્ઞાયક, મારે સૂતાં જ્ઞાયક જોવો છે. મારે બેસતાં, ખાતાં, પીતાં મારે એક જ્ઞાયક જ જોઈએ છે. મારે જ્ઞાયક-જ્ઞાયકદેવની મહિમા, જ્ઞાયકની ભક્તિ, જ્ઞાયકની સ્તુતિ, જ્ઞાયકને દેખવો છે,

જ્ઞાયકના દર્શન કરવા છે. એ જ જ્ઞાયકની ભક્તિ છે. જેમ ભગવાનને દ્વારે મારે ભગવાનના દર્શન કરવા છે. ભગવાનની સ્તુતિ કરવી. ભગવાનની પૂજા કરવી છે. એમ ગુરુદેવનું મારે વાણી સાંભળવી છે. ગુરુદેવના દર્શન કરવા છે. ગુરુદેવને જોયા જ કરું એમ થાતું હોય એમ જાણે હું જ્ઞાયકને જ જોયા કરું, જ્ઞાયકના ગુણગ્રામ કરું, જ્ઞાયકની પૂજા કરું, જ્ઞાયક તો જ્ઞાયકની ભક્તિથી પ્રગટ થયા વગર રહે નહિ. એવી ભક્તિ હોય તો. જ્ઞાયકને ઓળખીને કે 'આ જ જ્ઞાયક એક છે, બીજો નથી'. જ્ઞાયકનું લક્ષણ ઓળખીને નક્કી કરે કે આ જ જ્ઞાયક છે. હવે મારે એ જ્ઞાયક જ જોઈએ છે. જેમ જિનેન્દ્ર દેવ-ગુરુને લક્ષણથી ઓળખીને નક્કી કરે કે આ સત્પુરુષ છે. આ ગુરુ છે ને આ દેવ છે. પછી આ દેવની પૂજા કરવી છે, આ દેવની ભક્તિ કરવી, આ ગુરુની ભક્તિ કરવી છે, એમ નક્કી પરીક્ષા કરીને નક્કી કરીને પછી એને સ્તવન કરે, ગુણગ્રામ કરે, ગુરુ શું કહે છે, એનો આશય સમજવા પ્રયત્ન કરે, આ જ્ઞાયક જ છે એમ નક્કી કરે લક્ષણથી ઓળખીને, પછી એની ભક્તિ અને એની સ્તુતિ, જ્ઞાયકની પાછળ પડે તો પ્રગટ થયા વગર રહે જ નહિ. એ ભક્તિમાર્ગ ઈ છે. જ્ઞાયકની ભક્તિ અંદર સાથે આવવી જોઈએ. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ સાથે જ્ઞાયકની ભક્તિ આવવી જોઈએ. પણ લક્ષણ ઓળખીને. લક્ષણ ઓળખવા જોઈએ કે આ જ્ઞાયક જ છે. જ્ઞાયકના—આ લક્ષણ જ્ઞાયકનું જ છે. બીજાનું નથી. એમ આવે તો એ જ્ઞાયકની ભક્તિ કહેવાય. લક્ષણ ઓળખીને થવું જોઈએ. સમજણપૂર્વકની ભક્તિ હોવી જોઈએ. જ્ઞાનપૂર્વક ભક્તિ હોવી જોઈએ. સમજ્યા વગરની ભક્તિ બહારથી કર્યા કરે એમ નહીં. જ્ઞાયકની ભક્તિ ભેગી હોવી જોઈએ. ગુરુની ભક્તિની સાથે—ગુરુની ભક્તિ કોને કહેવાય? દેવ અને ગુરુની? કે જ્ઞાયકની ભક્તિ ભેગી આવે તો એ ભક્તિ છે. ૮.

✻ પ્રશ્ન : કેવળ બાહ્ય ભક્તિ ?

● ઉત્તર : કેવળ બાહ્ય ભક્તિ એકલું નહિ. ૯.

✻ પ્રશ્ન : માતાજી, પરદ્રવ્ય અને રાગનું ભજન આ જીવે અનાદિકાળથી કર્યું છે. તો હવે આપના પ્રતાપે આત્માનું ભજન કઈ રીતે કરીએ કે જેથી સાદિ અનંત મોક્ષસુખને પ્રાપ્ત થઈએ ?

● ઉત્તર : જેવી રીતે જીવને બાહ્ય દૃષ્ટિ છે, એનું ભજન કરતો અનાદિથી આવે છે. ગુરુદેવે ઘણું કીધું છે કે તું જ્ઞાયકને જો, જ્ઞાયકનું સ્મરણ કર. જ્ઞાયકને લક્ષમાં લે. જ્ઞાયકનું જ વારંવાર તું રટણ કર. આ બહારનું રટણ છોડીને જ્ઞાયકનું રટણ કરે. જ્ઞાયકનું લક્ષણ ઓળખે. એનું જ્ઞાન લક્ષણ તે અસાધારણ લક્ષણ છે. ઈ લક્ષણથી તે ઓળખાય છે. અને ઈ લક્ષણ દ્વારા ઈ લક્ષ એટલે વસ્તુને ઓળખીને વારંવાર એનું જ રટણ ને મનન ને વારંવાર એમાં નિર્ણય કરીને, એને ગ્રહણ કરીને એનો આશ્રય લે. તો ઈ એનું વારંવાર પણ કરે તો ઈ પ્રગટ થાય એમ છે. અનાદિનું જે કર્યું છે રાગ અને વિકલ્પો ને રાગ. એનું સ્મરણ વારંવાર થઈ આવે છે. પણ આત્માનું સ્મરણ કરતો નથી. જ્ઞાયકનું સ્મરણ કરતો નથી એને વારંવાર જ્ઞાયકનું સ્મરણ થાય એવી જિજ્ઞાસા, રુચિ. જ્ઞાયકમાં જ સર્વસ્વ છે, બહાર ક્યાંય નથી એવી જ્ઞાયકની શ્રદ્ધા થાય. જ્ઞાયકમાં જ બધું ભરેલું છે. બહાર ક્યાંય નથી. એવો જ્ઞાયકનો ઉત્સાહ આવે, જ્ઞાયકમાં આનંદ છે, બહાર ક્યાંય નથી એવો વિશ્વાસ આવે, તો ઈ જ્ઞાયકનું રટણ કરે અને તે જ કરવા જેવું છે. વારંવાર જ્ઞાયક, જ્ઞાયક દેવનું સ્મરણ કરે, ઈ ન થાય ત્યાં સુધી દેવ ગુરુ શાસ્ત્રનું સ્મરણ કરે. અંતરમાં જ્ઞાયક દેવનું સ્મરણ કરે. જ્ઞાયક કેવો છે ? એની પ્રતીતિ કરે, જ્ઞાયક કોઈ અદ્‌ભુત છે, અનુપમ છે. એવું લક્ષણ ઓળખીને વારંવાર એવો નિશ્ચય કરે તો થઈ શકે એમ છે. પણ એ ભેદજ્ઞાન દ્વારા થાય. જ્ઞાયકનું લક્ષણ ઓળખીને થાય. ભેદજ્ઞાન દ્વારા થાય પણ એટલી

જિજ્ઞાસા ને રુચિ પોતાની હોય તો થાય છે. જુદો પાડે, વારંવાર એને જુદો પાડવાનો પ્રયત્ન કરે તો થાય. લક્ષણ ઓળખીને પ્રજ્ઞાછીણી દ્વારા એને જુદું પાડે તો થાય એમ છે. બાકી અનાદિનો અભ્યાસ છે એટલે મુશ્કેલ થઈ પડ્યું છે. દુર્લભ થઈ પડ્યું છે. પણ પોતાનો સ્વભાવ છે માટે સુલભ છે. દુર્લભ નથી પણ પોતે પુરુષાર્થ કરે તો થાય એમ છે. ૧૦.

**✻ પ્રશ્ન : એ ભક્તિમાર્ગ ક્યો પાછો ? કે જ્ઞાનમાર્ગમાં અભેદ ભક્તિ ? નિશ્ચય–વ્યવહાર જેવો હોય ?**

● ઉત્તર : અનાદિકાળનો માર્ગ જાણ્યો નથી ને એટલે એમ કે તું તારી મતિ કલ્પનાથી માર્ગને ઓળખીશ નહિ. એ સમજાવનારા હોય એને તું અર્પણ થાજે એમ. પણ એમનું કહેવું છે એમ, તું સમજ તારાથી, પણ તું અર્પણતા કરજે એમ કહેવું છે. જે સાચી સમજણ તરફ વળે એમાં ભક્તિ આવ્યા વગર રહેતી જ નથી. જેને સાચી સમજણ, તત્વ નિર્ણય જેને યથાર્થ કરવાની રુચિ જાગે, એમાં ભક્તિ ભેગી આવે છે. પણ જીવ અનાદિકાળનો કોઈ લુખ્ખામાં વહ્યો જાય છે. પણ શ્રીમદ્ ને બધા એમ કહે છે કે તું ભક્તિ માર્ગ એટલે તત્વ નિર્ણયપૂર્વક ભક્તિ, તત્વ વિચાર તરફ તારી પરિણતિ રાખીને ભક્તિ કર, એમ કહ્યું છે. ભક્તિ માર્ગ એટલે, જ્ઞાનમાર્ગમાં એવો શુષ્ક થઈ જાય છે ઘણીવાર એટલે ભક્તિ માર્ગ સાથે બતાવ્યો છે. પણ જ્ઞાન તો અંદર પરિણતિમાં મુખ્ય આવે છે, પણ એમાં ભક્તિ યે ભેગી હોય છે. નહીંતર જ્ઞાન એનું લુખ્ખું થઈ જાય છે. જે આત્મા જ પોતે મહિમાવંત—આત્માની મહિમા કરજે. દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા કરજે. મહિમા વગર તારા વિચારો ને બધું લુખ્ખું થઈ જાશે. જો તે મહિમા નહિ આવે, તો માત્ર તું જ્ઞાન ને એમ બધી વાતું કર્યા કરે, પણ અંદર લુખ્ખાશ થઈ જાશે. પણ અંતર તને કોઈ અહો! આત્મા આવો ચમત્કારિક છે! આવી સાધના, આવા આત્માની સાધના,

બધા દેવ-ગુરુ-શાસ્ત્ર, આવું કહી રહ્યા છે? ઓહોહો! —એમ એવી તને અંદરથી આશ્ચર્ય લાગવું જોઈએ, તો તારા તત્વના વિચારો પણ યથાર્થ રીતે ચાલશે એમ કહેવું છે ભક્તિ માર્ગ વિષે. જ્ઞાન એકલું લુખ્ખું ન હોવું જોઈએ. એમાં સાથે ભક્તિ–વિરક્તિ, એ બધું હોવું જોઈએ. એમાં ભક્તિ ને વિરક્તિ ને તત્વ વિચાર બધું હોય. તો એ મુમુક્ષુ પછી મર્યાદા બહાર નથી જાતો. એને અમુક જાતના પરિણામો આવે તોપણ મર્યાદાથી બહાર ન જાય. અને ઓલું તો શું લુખ્ખું હોય? તો મર્યાદા બહાર એના પરિણામો. કાંઈ ઓલું તો એને અહોહો! આ ચૈતન—ચૈતન આવો છે, એમાં વિભાવમાં રોકાવા જેવું નથી એમ એને ભાવના આવે, આ દેવ-ગુરુ-શાસ્ત્ર કેવું કહી રહ્યા છે. એમ કરીને એની પરિણતિમાં કાંઈ પોતે તત્વવિચાર આત્મા તરફ વધારે વળે, ઓલું તો લુખ્ખું થઈ જાય, મર્યાદા બહાર વહ્યો જાય. ૧૧.

✻ પ્રશ્ન : વિરુદ્ધતા છે? (ભક્તિ સાથે આત્માને વિરુદ્ધતા છે?)

● ઉત્તર : વિરુદ્ધતા નથી. ભક્તિ સાથે કંઈ આત્માની જ્ઞાતા ને વિરૂદ્ધતા નથી. તેને સંબંધ છે.

સમ્યક્દર્શનની ભૂમિકામાં પણ એ હોય છે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ અને મુનિઓને પણ હોય છે. એની ભૂમિકા પ્રમાણે હોય. પૂજા આદિ કાર્ય ન હોય પણ એને (મુનિને) ભક્તિ હોય છે અને સમ્યક્દર્શનની ભૂમિકામાં પણ એની કાંઈ વિરુદ્ધતા નથી કે એ રાગની ભૂમિકા છે, ને આત્મા વીતરાગ છે. એટલે એને ઈ આવે જ નહિ, એવું નથી. એ વીતરાગ દશા પ્રગટ થાય ત્યારે એ છૂટી જાય છે. વીતરાગ સ્વરૂપ આત્માનું છે, એ એણે દષ્ટિમાં ગ્રહણ કર્યું. એ નિર્વિકલ્પ તત્વ છે, એને દષ્ટિમાં ગ્રહણ કર્યું. પણ એને પ્રગટ નથી થયું ત્યાં સુધી વચ્ચે આવ્યા વગર રહેતું નથી. જે પોતે એ જાણવું છે

એ જણાવનાર મળે એના પર ભક્તિ આવ્યા વગર રહેતી નથી. એની વિરુદ્ધતા નથી. હવે અંદર આત્માનું કરવું છે બહારનું કાંઈ નહીં. પણ એ રાગની ભૂમિકામાં આવ્યા વગર રહેતી જ નથી. ઈ ન આવે તો પોતે તે સમજ્યો નથી બરાબર. પોતે સમજ્યો નથી કે અંદર આત્માનું જ કરવું છે, બહારનું નહીં, પણ ઈ બહારના વિકલ્પ એને આવ્યા વગર રહેતા નથી. ઈ જે બહારનું કેમ આવે છે?

વિભાવની ભૂમિકામાં બીજા વૈભાવિક ભાવો એને અપ્રશસ્ત આવે છે તો પ્રશસ્તમાં પલટાયા વગર એને રહેતું નથી. એને આત્માની રુચિ જાગી, એના ભાવો પ્રશસ્તમાં પલટાઈ જાય છે. ૧૨.

જય હો વિજય હો, ભગવતી માતનો જય હો